ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૩.૪ ડીગ્રી
લઘુતમ : ૨૬.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૨ ટકા ● સાંજે ૭૪ ટકા

ગાંધીનગર તાપમાન

# શહેરમાં નીલગાયની માર્ગો પર દોડાદોડીથી હાલાકી


## વાહનચાલકોમાં ભયનો માહોલ : વનતંત્રના અધિકારીઓ નીલગાયો અંગે કોઈ યોગ્ય જવાબ આપી રહ્યા નથી : નીલગાયોની વધતી વસ્તીને અટકાવવાની લોકમાંગણી

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરમાં આવેલી વનરાજીમાં છેલ્લા ઘણા સમયથી નીલગાય અને વાંદરાની વસ્તી ચિંતાજનક રીતે વધી રહી છે. એટલું જ નહીં, નીલગાય ખોરાકની શોધમાં સેકટરોની વસાહતોમાં ઘુસી જાય છે રાત્રે અને વહેલી સવારે પાટનગરના માર્ગ ઉપર પણ નીલગાય હોવાને કારણે વાહન અકસ્માતના બનાવો પણ વધી રહ્યાં છે.

જે ઝડપે નીલગાય અને વાંદરાની વસ્તી વધી રહી છે તેને લઈને પોતાના અસ્તિત્વ માટે આ જંગલી પ્રાણીઓ હિંસક પણ બની રહ્યા છે. ગાંધીનગરમાં શહેરી વિસ્તારમાં રાજભવનની પાછળના અને ઘ-૦ના જંગલ ઉપરાંત સેકટર-૮, ૯, ૧૯, ૧૮, ૩૦માં નીલગાયોએ અડિંગો જમાવ્યો છે તો બીજી બાજુ નવા સચિવાલયમાં પણ નીલગાયનો પરિવાર રોજ લટાર મારતો જોવા મળે છે. વધતી જતી નીલગાયોની વસ્તી શહેરમાં અકસ્માતો વધારી રહી છે. માર્ગો પર અચાનક દોડી આવતી આ નીલગાયો વાહન ચાલકોને ગંભીર રીતે ઈજાગ્રસ્ત કરી મુકે છે તથા અક્સ્માતમાં કોઈ વ્યકિતનું મોત પણ નીપજી શકે છે. અત્યાર સુધી નીલગાયોના કારણે અવારનવાર અકસ્માતો સર્જાયા છે. તેમ છતાં વનવિભાગ દ્વારા નીલગાયોના વિષયમાં કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. વનવિભાગ તંત્ર કયારે ઉંઘમાંથી જાગશે અને કયારે નીલગાયોની વધતી જતી વસ્તી અંગે કોઈ નિયમ લાગુ કરશે.

ગાંધીનગરમાં માર્ગો પહોળા હોવાના કારણે વાહનોની



સ્પીડ વધુ હોય છે અને વાહનચાલકો ઓવરસ્પીડમાં જતા અચાનક નીલગાય આડી આવતા કેટલો ભયાનક અકસ્માત બની શકે તે વિચારી શકાય છે. વનવિભાગે આ નીલગાયોની સીટીમાં વધતી જતી વસ્તી બાબતે ચોકકસ નિર્ણય લેવો જ રહ્યો.

વનરાજીની વચ્ચે વિકસેલા પાટનગર ગાંધીનગરમાં પહેલેથી જ પશુ પક્ષીઓની સંખ્યા વધુ હતી ત્યારે માનવવસ્તી વધવાને કારણે આ જંગલી પશુ પક્ષીઓ ગાંધીનગર શહેરની આસપાસ આવેલા જંગલ વિસ્તારમાં જતા રહ્યા હતા અને અહીં તેમને ખોરાક મળી રહેવાને કારણે ઘણા પશુ પક્ષીઓએ અહીં જ વસવાટ કરી લીધો હતો. પરંતુ છેલ્લા ઘણા વખતથી નીલગાય અને વાંદરાની વસ્તી વધી રહી છે.

વનવિભાગ દ્વારા આ જંગલી પ્રાણીને નગરજનોથી દૂર રાખવાની પડકારજનક કામગીરી છે ત્યારે ગાંધીનગરમાં આ સંભવીત વિસ્તારમાં ૮૦૦થી વધુ નીલગાયો હોવાનો અંદાજ લગાવવામાં આવે છે. માનવ વસાહતમાં જંગલી પ્રાણીના રહેણાંકને કારણે આગામી દિવસોમાં આ નીલગાય અને માનવ વચ્ચે ઘર્ષણ થવાના બનાવો પણ વધશે તેમ પ્રાણી વિદો માની રહ્યા છે. નીલગાય ડરપોક સ્વભાવાળી જંગલી ગાય છે જેથી પોતાના અસ્તિત્વ માટે તે માણસ ઉપર પણ ગમે ત્યારે હુમલો કરી શકે છે તેથી વનવિભાગે નીલગાયોની ગાંધીનગરની અંદર રહેણાંક વિસ્તારમાં પગ પેસારો બાબતે અને તેનાથી સર્જાતા અકસ્માતો બાબતે કડકમાં કડક નિર્ણયો કરવા રહ્યા. અકસ્માતમાં કોઈ નિર્દોષ, વ્યકિતને ગંભીર ઈચ્છાઓ થશે તો કોણ જવાબદાર રહેશે અવારનવાર આ અંગે કાર્યવાહી કરવાની માંગ ઉઠી રહી છે તેમ છતાં વનતંત્રના પેટના પાણી હલતા નથી.

## આર.એન. પટેલ શાળામાં રથયાત્રાની ઉજવણી



ગાંધીનગર, તા.૨

આર. એન પટેલ પ્રાથમિક શાળામાં શુક્રવારના રોજ શાળામાં રથયાત્રાની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કૃષ્ણ, બલરામ અને સુભદ્રા જેવા પાત્રો બની રથયાત્રા કાઢી સંસ્કૃતિને અનુરૂપ ઉજવણી કરવામાં આવી હતી. બાળકોએ હસતા હસતા ગીત પ્રાર્થના અને જય રણછોડ માખણ ચોરના નાદ સાથે આનંદ લીધો હતો. મગ જાંબુ અને કાકડી નો પ્રસાદ લીધો હતો અને બધા જ બાળકોએ ઉત્સાહ સાથે આજના પ્રસંગની મજા માણી હતી.



સમર્પણ મુક બધિર સ્કુલના ૩૫ વર્ષની ઉજવણીના ભાગરૂપે વિદ્યાર્થીઓ ને સ્કુલ ડ્રેસ, ચોપડા, સ્કુલ યુનિફોર્મનું વિતરણ તેમજ વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. સમર્પણ સ્કુલનો પાયો નાખવામાં સ્વ. કમલેશભાઈ જાની નો ફાળો મુખ્યત્વે હતો.

## ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ અને સાયબેજ આશા ટ્રસ્ટ દ્વારા સરકારી શાળામાં શૈક્ષણિક સામગ્રીનું વિતરણ

ગાંધીનગર, તા.૨

ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ અને સાયબેજ આશા ટ્રસ્ટ દ્વારા ગાંધીનગરની સેક્ટર -૨ માં આવેલ સરકારી પ્રાથમિક શાળામાં શૈક્ષણિક સામગ્રીના વિતરણ નો કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં સાયબેજ આશા ટ્રસ્ટના સ્વયંસેવક સ્વપ્રિલ મહેતાએ બાળકોને જ્ઞાન સાથે ગમ્મતની વિવિધ પ્રવુત્તિ કરાવીને આનંદિત કર્યા હતા.



ઉદગમ ના મેનેજીંગ ટ્રસ્ટી ડો મયુર જોષીએ સ્વાગત પ્રવચનમાં મહાનુભાવને આવકારીને ઉદગમ અને સાયબેજ આશા ટ્રસ્ટના કાર્યોની માહિતી આપી હતી સાથોસાથ પધારેલ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના મહેમાન પદે ગાંધીનગર મહાનગર પાલિકાના વોર્ડ નં -૯ ના નગરસેવકો ડૉ. સંકેત પંચાસરા અને શૈલાબેન સુનિલભાઈ ત્રિવેદી સાથે સાયબેજ આશા ટ્રસ્ટના અશ્વિનભાઈ પટેલ, હર્ષભાઈ શાહ અને રોશનભાઈ શાહની ઉપસ્થિતિમાં શાળાના વંચિત બાળકોને અભ્યાસ સારું ફુલ સ્કેપ ચોપડા અને પેન્સિલ, રબર, ફુટપટ્ટીની કીટ વિતરણ કરવામાં આવ્યું હતું.

ડો. સંકેત પંચાસરાએ તેમના વકતવ્યમાં બાળકોના અભ્યાસ માટે ગુજરાત સરકારના અથાગ પ્રયાસો થકી ડ્રોપ આઉટ રેશિયો ઘટયો તેમ જણાવીને બાળકોના અભ્યાસ માટે જરૂરી સહયોગ આપવાની ખાત્રી આપી હતી સાથોસાથ શૈલાબેન ત્રિવેદીએ સંપૂર્ણ સાથ સહકારની ખાત્રી આપી હતી.

આ કાર્યક્રમમાં ઉદગમ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી ડો. મયુર જોષી, આશાબેન સરવૈયા, મનોજભાઈ જોશી, વીણા વોરા, નીલેન્દુ વોરા, વાગ્મિ જોષી, ચાણક્ય જોષી, દિક્ષિતા જોષી જયપ્રકાશ ભટ્ટ, રાકેશ ભટ્ટ, હરીશ સોલંકી અને સાયબેજના હિમાંશુભાઈ મકવાણા, તથા સાયબેજના સ્વયંસેવકો સાથે શાળાના આચાર્ય શ્રીમતી મીનાક્ષીબેન ઉપાધ્યાય અને શિક્ષકગણ ઉપસ્થિત રહ્યા હતા.

ઉદગમ દ્વારા સેક્ટર-૨ બાદ સેક્ટર-૮ અને ઈન્દ્રોડાની શાળામાં પણ બાળકોના અભ્યાસ સારું ચોપડા વિતરણ કરવામાં આવશે તેમ અખબારી યાદીમાં જણાવાયું છે.

## જન્મદિને વધામણી



ઉર્મિલા નિકુંજ વૈશ્યક
મો. ૯૪૨૭૬ ૦૭૮૨૪



તન્મય પટેલ



ધૃમિલ સુખડિયા



ડો. અતુલ એચ પંડ્યા
મો. ૯૪૨૭૦ ૨૬૭૬૪



અક્ષરાજસિંહ વાઘેલા
મો.૬૩૫૨૬ ૩૫૯૦૧



મધુબેન પ્રજાપતિ
લાયોનેસ ક્લબ ઓફ ગાંધીનગર



અમ્માન કુરેશી
મો. ૯૭૨૬૬ ૯૪૧૮૧



નિશાંત જિતેન્દ્રભાઈ શર્મા
મો. ૯૧૭૩૧ ૭૫૧૬૧




ઝંખના પટેલ




રંજનબેન જે શ્રીમાળી
મો. ૯૪૨૭૬ ૨૦૭૨૩



દેસાઈ રામાભાઈ હરરાજભાઈ
મો. ૯૮૯૯૯ ૨૩૧૨૩



અદિતી મનોજકુમાર તપોધન
મો. ૯૯૨૪૫ ૦૯૦૨૦



ઈન્દ્રજિતસિંહ જાડેજા

## સંસ્કાર ગ્રુપ દ્વારા રથયાત્રાની ઉજવણી




ગાંધીનગર, તા.૨

સંસ્કાર ગ્રુપ દ્વારા બાળકો માટે જુદી જુદી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે જે અંતર્ગત રથયાત્રાના દિવસે ભગવાન જગન્નાથજીનું બાળકો અને વાલીઓ દ્વારા નારાઘોષ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. બાળકોએ સ્વહસ્તે નિર્માણ ચિત્રોને રથયાત્રામાં સૌની સમક્ષ દર્શાવવામાં આવ્યા હતા તેમજ ધર્માચાર્ય શ્રી ફુલશંકર શાસ્ત્રીજીને ચિત્રોની ભેટ આપીને બાળકોને આનંદ પ્રાપ્ત થયો હતો. શાસ્ત્રીજીએ સૌને આશીર્વાદ આપ્યા હતા.

## શ્રીરંગ અવધૂત પરિવાર ટ્રસ્ટ દ્વારા કોવીડ વેક્સીનેશન કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા. ૨

શ્રીરંગ અવધૂત પરિવાર ટ્રસ્ટ અનો માતુલ્ય હોસ્પિટલ, કુડાસણના સહયોગથી આગામી ૧૦ જુલાઈએ શ્રી દત્ત મંદિર, સે. ૨૮ ગાંધીનગર ખાતે નગરજનો માટે સવારે ૯ થી બપોરે ૧ કલાક દરમ્યાન રાહતદરે કોવીડ વેક્સીનનો કેમ્પ યોજાશે.

પૂ. શ્રીરંગ અવધૂત મહારાજની પ્રેરણા અને આશીર્વાદથી શ્રીરંગ અવધૂત પરિવાર ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા ડૉ. સ્નેહલતાબેન પટેલ માતુલ્ય હોસ્પિટલ, કુડાસણના સહયોગથી રવિવારે આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જે નગરજનો આ રસીકરણનો લાભ લેવા ઈચ્છતા હોય તેમને ૮ જુલાઈ શુક્રવાર સુધીમાં https:forms.gle/FNPC39A6BG9U3yyb6 આ લીંક પર તેમના નામનું રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. રસીના પ્રત્યેક ડોઝની કિંમત રૂ. ૩૮૬ છે પરંતુ રસી લેનાર વ્યક્તિએ રૂ. ૨૫૦ આપવાના રહેશે. બાકીના રૂ. ૧૩૬ શ્રીરંગ અવધૂત પરિવાર ટ્રસ્ટ દ્વારા આર્થિક સહયોગ આપવામાં આવશે. રસી લેવા ઈચ્છતી વ્યક્તિએ રૂ. ૨૫૦ લીંકમાં આપેલા QR કોડ દ્વારા ઓનલાઈન પેમેન્ટ કરવાનું રહેશે. પેમેન્ટ રીસીપ સાથે લાવવી. આ રસીકરણ સરકાર માન્ય છે. દરેક આધાર કાર્ડ લઈ રસીકરણ માટે આવવુ તથા પેમેન્ટ રોકડેથી પણ શ્રીદત્ત મંદિર સે. ૨૮ ખાતે ૮ જુલાઈ સાંજે ૬ કલાક સુધી સ્વીકારવામાં આવશે અને આધારકાર્ડ સાથે પેમેન્ટ માટે આવવું તેમ અખબારી યાદીમાં જણાવ્યુ હતુ.



## રથયાત્રામાં ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન સંસ્થાનાં બાળકો દ્વારા માર્શલઆર્ટ્સનું પર્ફોર્મન્સ

ગાંધીનગર, તા. ૨

રથયાત્રા મહોત્સવ સમિતિ, ગાંધીનગર દ્વારા યોજવામાં આવેલી ભગવાન જગન્નાથજીની ૩૮મી રથયાત્રામાં યુનિવર્સલ એક્સપ્લોરર ગ્રુપ અને ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન સંસ્થાનાં બાળકો દ્વારા માર્શલઆર્ટ્સનું પર્ફોર્મન્સ રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં નાન-ચાકુ, લાઠીદાવ, તલવારબાજી, નળીયા બ્રેકિંગ, માટલા બ્રેકિંગ, ઈંટ બ્રેકિંગ, ફાઈટ જેવા કરતબો બતાવવામાં આવ્યાં હતાં. તેઓ લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યાં હતાં સાથે સૌ લોકો મંત્રમુગ્ધ થઈ ગયા હતાં અને બાળકોમાં પણ એક અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. ટીમનું સંપૂર્ણ સંકલન ગાંધીનગર ટેકવોન્ડો એસો. સંસ્થાનાં સેક્રેટરી મિલાપ ટાટારિઆ દ્વારા સંભાળવામાં આવ્યું હતુ અને મેડિકલ સ્ટાફ ડૉ. નિધિ લેકિનવાલાએ ટીમનું નેતૃત્વ સંભાળેલ હતું. સંસ્થાનાં ગ્રાન્ડમાસ્ટર પ્રકાશ સંભવાણી અને ટેક્નિકલ ડિરેક્ટર જતીન દવેએ દરેક સહભાગી બાળકોને અભિનંદન પાઠવ્યા હતાં. સંસ્થા વર્ષોથી આવા અનેક પર્ફોર્મન્સો કરતી આવી છે અને કરતી રહેશે તેવું સેક્રેટરી મિલાપ ટાટારિઆ દ્વારા જણાવવામાં આવ્યું હતું જેથી ભાઈઓ અને દિકરીઓમાં સ્વ-રક્ષણની જાગૃતિ થાય અને પોતાનો બચાવ કરવા કટિબદ્ધ બને.

## નેચર ફર્સ્ટ દ્વારા પ્લાસ્ટિક મુક્ત નગર માટે ૪૮માં સપ્તાહનું આયોજન





ગાંધીનગર, તા.૨

પ્લાસ્ટિક કચરો વીણવાનું છેલ્લા ૪૭ અઠવાડિયાથી નેચર ફર્સ્ટ દ્વારા અભિયાન કરવામાં આવે છે. આજરોજ ૪૮ માં સપ્તાહ સેકટર:૭ માં ડીવાઈન યોગ અને નેચરોપેથી સેન્ટર પાસે કરવામાં આવ્યું હતું. પ્લાસ્ટિકના પ્રદૂષણથી ગાંધીનગરને મુક્ત કરવાના આ અભિયાનમાં પૂર્વ ગૃહમંત્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી, પ્રાગદાસબાપા વેસ્ટર્ન સીડ્સના ભામાશા નારણભાઈ પી. પટેલ, મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા, ડીવાઈન યોગ અને નેચરોપેથી સેન્ટરના યોગગુરૂ કાનજીભાઈ બાવરી, જીજ્ઞેશભાઈ પટેલ બિલ્ડર, મહેન્દ્રભાઈ પટેલ દાસ, જયંતિભાઈ વઘાસીયા અને જીલુભા ધાંધલ ડીવાઈન ગૃપ અને નેચર ફર્સ્ટના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ડીવાઈન ગૃપની બે દીકરીઓ કવિતા બાવરી અને અમિતા પટેલનો જન્મ દિવસ પણ અનેરી રીતે ઉજવવામાં આવ્યો હતો.

## જુલાઈ મહિનાની પુસ્તક પરબ આજે બલરામ મંદિરમાં યોજાશે

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરમાં છેલ્લાં આઠ વર્ષથી ચાલતી પુસ્તક પરબ દર મહિનાના પ્રથમ રવિવારે યોજવામાં આવે છે. જુલાઈ માસની પુસ્તક પરબ બલરામ મંદિર, ઉમિયા મંદિર પાસે, સેક્ટર - ૧૨, ગાંધીનગરમાં તા. ૩ - ૭- ૨૦૨૨ રવિવારના રોજ સવારે ૭.૩૦ થી ૯.૩૦ દરમ્યાન યોજાશે. પરબ પાસે ઉપલબ્ધ પુસ્તકો - સામયિકો પૈકી મુલાકાતીઓ બે પુસ્તક / સામયિક વાંચવા લઈ જઈ શકશે.

પુસ્તક પરબ માટે શિષ્ટ સાહિત્યના પુસ્તકો ભેટ સ્વરૂપે સ્વીકારવામાં આવે છે. ધાર્મિક, વિવિધ સંપ્રદાયની પુસ્તિકાઓ, ધાર્મિક સામયિકો પરબ માટે સ્વીકારવામાં આવશે નહીં, જેની નોંધ લેવા ખાસ જણાવાયું છે. સાહિત્યિક સામયિકો, એ પણ છેલ્લા એક - બે વર્ષના હશે તો સ્વીકારવામાં આવશે.

માતૃભાષા અભિયાનના ઉપક્રમે અને આત્મન ફાઉન્ડેશનના સહયોગથી પુસ્તક પરબ ટીમના મિત્રો દ્વારા ગાંધીનગરમાં આ પ્રવૃત્તિ નિઃશુલ્ક ચલાવવામાં આવે છે. શિષ્ટ સાહિત્ય વાચન અને માતૃભાષા ગૌરવના પ્રસાર હેતુ આ પુસ્તક પરબ પ્રવૃત્તિ યોજવામાં આવે છે. પુસ્તકપ્રેમી વડીલો, વિદ્યાર્થીઓ, બહેનો, ભાવકોને પુસ્તક પરબનો લાભ લેવા આત્મન સંસ્થા દ્વારા વિનંતી છે.



રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા રોટરી ફીઝીયોથેરાપી સેન્ટર ખાતે વન ઔષધિઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. જેના પ્રોજેકટ ચેરમેન રોટે નીતિનભાઈએ સારી મહેનત કરી હતી. આ કાર્યક્રમમાં રોટે ડૉ જગદીશ પટેલ પ્રમુખ, રોટે ડૉ પારસ ઉચાટ સેક્રેટરી, રોટે આર એ શેરશિયા, રોટે કિરણ પટેલ, રોટે કુલદીપ જૈન, રોટે મહેન્દ્રભાઈ પોખરિયાલ તથા રોટરી ફીઝીયોથેરાપી સેન્ટરના સ્ટાફે ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.